ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

# વલાદમાંથી બે ભેળસેળ કરી વેપાર કરતા એકમોને ક્લોઝર નોટીસ અપાઈ છે : આરોગ્યમંત્રી

**છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં માર્ગોના ૮૧ નવા કામ મંજૂર કરવામાં આવ્યા છે : નીતિન પટેલ**

ગાંધીનગર, તા. ૩

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે નાણાં, માર્ગ-મકાન આરોગ્ય પરિવાર કલ્યાણ, પાટનગર યોજના, નર્મદા અને ઊર્જા વિભાગની પ્રશ્નોત્તરી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાને સ્પર્શતા ૧૨થી વધુ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. આ પ્રશ્નોમાં માર્ગ-મકાન વિભાગને લગતા પ્રશ્નો વધુ હતા.

- **બહીયલ-કનીપુર-હિલોલ-સરખેડ રોડ રિસરફેસ કરવા બાબત**

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે આ અંગે પુછેલા પ્રશ્નના લેખિત ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે આ માર્ગના ૮ કિ.મી. માર્ગને રિસરફેસ કરવા માટે રૂ. ૨૪૦ લાખની ફાળવણી કરવામાં આવી છે.

- **ભેળસેળ કરી વેચાણ કરતા એકમો**

ધંધુકાના ધારાસભ્ય રાજેશભાઈ ગોહિલે ૩૧-૧૨-૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં મિઠાઈમાં ટેલ્કમ પાવડર ભેળવી મીઠાઈનું વેચાણ કરતા કેટલા એકમો પકડવામાં આવ્યા તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે આવા બે એકમો પકડી પાડવામાં આવ્યા છે.

મે. જય મા કેલા દેવી મિલ્ક ફુડ પ્રોડક્ટસ મુ. વલાદની મીઠાઈના બે નમૂનાઓ ભેળસેળવાળા જાહેર થતા જવાબદાર સામે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ટ એક્ટ-૨૦૦૬ હેઠળ નિયમોનુસાર નામદાર કોર્ટમાં ક્રિમીનલ કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

આ ઉપરાંત રહાનાવાલી મિલ્કફુડ્સ પ્રોડક્ટ્સ મુ. વલાદની મિઠાઈના ૨ નમુનાઓ ભેળસેળવાળા જાહેર થતા જવાબદાર સામે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ-૨૦૦૬ હેઠળ એડજ્યુડીકેટીંગ ઓફિસર ગાંધીનગર સમક્ષ કેસ દાખલ કરેલ છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુકે આ બન્ને એકમોને ''ક્લોઝર નોટીસ'' આપી સીલ કરવામાં આવેલ છે. તથા બન્ને એકમોના જવાબદાર વ્યક્તીઓ સામે પોલીસ ફરિયાદ કરતા તેઓની પોલીસે ધરપકડ કરેલ છે.

- **ગાંધીનગર સિવિલમાં સોનોગ્રાફી મશીન**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડિસે. ૧૯ના માસમાં સિવિલની ઓ.પી.ડી.માં આવતા દર્દીઓની સોનોગ્રાફી બંધ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે તેવા પુછેલા પ્રશ્નના લેખિત ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે નાજી.

- **સરકારી કર્મચારીઓનું ઘરભાડા ભથ્થુ વધારવા બાબત**

કપરાડાના ધારાસભ્ય જિતુભાઈ ચૌધરીએ સરકારી કર્મચારી-અધિકારીઓના ઘરભાડા ભથ્થુ ૩૦ ટકા કરવા બાબતનું મિનીસ્ટ્રી

● અનુસંધાન પાન-૭ પર



ઉનાળાના એંધાણ - શિયાળાની વિદાયને પગલે ગરમીનો પારો દરરોજ એક-એક ડિગ્રી વધતો જાય છે... પંખા અને એ.સી. તો લગભગ ચાલુ થઈ ગયા છે... બેવડી ઋતુ વચ્ચે ખાંસી-શરદીનો રોગચાળો પણ વધતો જાય છે... આ બધા જ ઉનાળાના આગમનના એંધાણ છે... પરંતુ અબોલ પક્ષીઓ તરસ છીપાવવા ઘર પાસેના કુંડામાં પાણી પીવે એ દ્દશ્ય જ ઉનાળાના આગમનની છડી પોકારે છે... આપણા ઋતુચક્રમાં પણ થતાં ફેરફારોની સાથે સાથે જીનમાત્રમાં પરિવર્તન આવે છે... અને માનવજાત અબોલ પશુ-પક્ષીની કાળજી લે છે એ જ કરૂણાનો ભાવ પ્રગટાવે છે...

# રાજ્ય સરકારે મંત્રીઓ અને અધિકારીઓની કામગીરી માટે નવી સૂચનાઓ જારી કરી

ગાંધીનગર, તા. ૩

રાજ્યના મંત્રીઓ અને અધિકારીઓના કામગીરી સમયનું આયોજન તેમજ તે અંગેની સૂચનાઓ બાબતે રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે વધુ એક વખત પરિપત્ર કર્યો છે.

મંત્રીઓ અને અધિકારીઓ નહિ મળતા હોવાની ઉઠેલી ફરિયાદો પછી સરકારે આ પરિપત્ર છેલ્લા ૧૭ વર્ષમાં ત્રીજીવાર જારી કર્યો છે. સરકાર તંત્રને પ્રજાભિમુખ બનાવવાની સતત મથામણ કરી રહી છે પરંતુ વારંવાર યોજાતી વિડીયો કોન્ફરન્સો અને બેઠકોને લઈ મંત્રીઓ અને અધિકારીઓની કામગીરીનું આયોજન સતત ખોરવાતુ રહ્યુ છે.

નવા કરાયેલા પરિપત્રમાં તો મંત્રીઓને શુક્રવાર અને શનિવાર પ્રવાસ માટે રાખવાની સૂચનાઓ આ નવા પરિપત્રમાં આપવામાં આવી છે. એટલુ જ નહિ સચિવાલયમાં હાજરી વિશે પણ કહેવામાં આવ્યુ છે.

કામગીરી અને સમય

**સોમ-મંગળ મુલાકાતીઓને મળશે : શુક્ર-શનિ પ્રવાસ કરશે : બીજા અને ચોથા બુધવારે જ કલેક્ટરો સાથે બેઠક રાખી શકાશે : પદાધિકારીઓના ફોન વ્યસતતા હોય તો સામેથી ફોન કરી વાત કરવાની ખાસ સૂચના**

આયોજન અંગે ૪ પાનાનો વિસ્તૃત પરિપત્ર સામાન્ય વહીવટ વિભાગે કર્યો છે. હવે તેનુ અમલીકરણ કેટલા દિવસ થાય છે તે જોવુ રહ્યુ.

આ પરિપત્રમાં સોમવાર મુલાકાતીઓ માટે નિયત કરવામાં આવ્યો છે. જેમાં બે વાગ્યાથી છ વાગ્યા સુધી જાહેર જનતા અને મુલાકાતીઓને મળી શકાશે. અધિકારીઓ બે વાગ્યા સુધી મુલાકાત કે મીટીંગ ટાળશે નહિ તેમજ દરેક અધિકારી કાર્ય મથકે જ હાજર રહેશે.

અધિકારીઓ ગત સપ્તાહની કામગીરીની સમીક્ષા કરી શકશે. અગત્યના મુદ્દાઓની આનુસંગિક કાર્યવાહી અને સમીક્ષા પણ બે વાગ્યા પહેલા કરી શકશે. આ દિવસે કોઈ બેઠક કે સુનાવણી રાખવી નહિ વિરામ બાદ જરૂરી હોય તેવા કેસોની સુનાવણી રાખી શકાશે તેમ પણ આ પરિપત્રમાં જણાવાયુ છે.

મંગળવારના રોજ મંત્રીઓ બે વાગ્યા સુધી ખાતાના કામકાજ માટે અનામત રાખશે તેમજ અનુકૂળતા મુજબ જનતાના મુલાકાતીઓને બપોર પહેલા મળી શકશે. મંત્રીઓ આ દિવસે સચિવો કે અધિકારીઓ સાથે મિટીંગ કે બેઠક યોજશે નહિ. બપોર બાદ મંત્રીઓ અને અધિકારીઓ, સાંસદો, ધારાસભ્યો, તા.પં., જિ.પં.ના પ્રમુખ તથા અન્ય મહાનુભાવોને મળવા માટે અનામત રાખશે.

બુધવારના રોજ મંત્રીમંડળની બેઠક તેમજ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને સચિવોની બેઠક મળશે. આ દિવસે વિડીયો કોન્ફરન્સ પણ યોજી શકાશે. તેમજ મંત્રીમંડળની પેટા-સમિતિઓની તથા મંત્રીકક્ષાની બેઠક માટે બપોર પછીનો સમય અનામત રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

# બોર્ડની પરીક્ષાઓના પગલે શહેરની શાળાઓના સમયમાં ફેરફાર

**સવારની અને બપોરની શાળાઓના સમયમાં ફેરફાર થયાં : છેક ફાઈનલ પરીક્ષાઓ સુધી બાળકોના ટાઈમટેબલ બદલાયેલા રહેશે**

ગાંધીનગર, તા. ૩

ધો. ૧૦ની બોર્ડની પરીક્ષાઓ પાંચમીથી શરૂ થઈ રહી છે. ધો. ૧૦ની પરીક્ષાઓ બાદ તુરંત જ ધો. ૧૨ની પરીક્ષાઓ શરૂ થશે. બોર્ડની પરીક્ષાઓના પગલે મોટાભાગની શાળાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પ્રાથમિકથી લઈને માધ્યમિક શાળાઓના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

માર્ચ મહિનો શરૂ થતાં જ પરીક્ષાઓની મોસમ શરૂ થઈ ચૂકી છે. પરીક્ષાઓની મોસમનો પ્રારંભ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાઓ સાથે થયો છે. ધો. ૧૦ની પરીક્ષાઓની તુરંત બાદ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાઓનો પ્રારંભ થશે. આગામી પાંચમી માર્ચથી બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. ગાંધીનગર શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે ગાંધીનગરની વિવિધ શાળાઓમાં સેન્ટર ફાળવવામાં આવ્યા છે. શહેરની મોટાભાગની જાણીતી શાળાઓમાં ધો. ૧૦ની પરીક્ષાઓ યોજાશે જેના કારણે શાળાઓના નિયમિત સમયમાં ફેરફાર થયો છે. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં હજુ શૈક્ષણિક કાર્ય ચાલુ છે. શાળાઓની વાર્ષિક પરીક્ષાઓ બાદ પુનરાવર્તનનુ કાર્ય ઘણી શાળાઓમાં ચાલી રહ્યુ છે. બોર્ડની પરીક્ષાઓના પગલે સવારની શાળાઓનો સમય ટૂંકો કરી દેવાયો છે. ઘણી શાળાઓમાં આઠ તાસના બદલે ચાર તાસ સુધી જ શિક્ષણકાર્ય ચાલશે તો બપોરની શાળાઓનો સમય સવારનો કરી દેવાયો છે. શાળાઓના સમયમાં ફેરફાર થતાં બાળકોને થોડોક સમય માટે એડજસ્ટ થવામાં વાર લાગી શકે છે. ગૃહિણીઓને પણ તેમના દૈનિક કાર્યોનો સમય બાળકોના શાળાના સમય પ્રમાણે એડજસ્ટ કરવો પડશે.

# ગાંધીનગર તાલુકામાં ૩ હઠીલા ટી.બી.ના દર્દી

**રોજની ૧૦ હજારનું મૂલ્ય ધરાવતી એક ટેબ્લેટ સરકાર દ્વારા આ દર્દીઓને વિના મૂલ્યે આપવામાં આવે છે**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકામાં ૩ દર્દીઓ હઠીલા ટી.બી.ના મળી આવ્યા છે. આ દર્દીઓની સારવાર માટે રોજ રૂ. ૧૦ હજારનુ મૂલ્ય ધરાવતી ટેબ્લેટ તંત્ર દ્વારા આપવામાં આવી રહી છે. જે ૧૮૮ દિવસનો કોર્ષ છે.

ગાંધીનગર તાલુકા ટી.બી. ફોરમની આજે મળેલ પ્રથમ બેઠકમાં આ વિગતો બહાર આવી હતી. આ બેઠકમાં ઈસનપુર સાર્વ. હોસ્પિટલના ટ્રસ્ટી રામચંદ્રભાઈ પટેલે ટી.બી.ના દર્દી શોધવા માટે ફ્રી એક્સ-રે કરી આપવામાં આવશે તેવી જાહેરાત કરતાં ફોરમે તે વાતને વધાવી લીધી હતી.

આ બેઠકમાં ટી.બી. ચેમ્પીયન ઘોષિત કરી તે રોગનું નિદાન શક્ય છે તેવી જનજાગૃતિને

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સીક ન્યુ બોર્ન કેર યુનિટમાં જિલ્લામાં ૪૩૨ બાળકોના મોત થયા છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં સીક ન્યુ બોર્ન કેર યુનિટમાં છેલ્લા બે વર્ષમાં ૪૩૨ બાળકોના મોત થયા છે. તેમ રાજ્યના આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલે કોંગ્રેસના ડૉ. અનિલ જોશીઆરાએ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૮માં ૨૧૯ અને ૨૦૧૯માં ૨૧૩ એમ મળી કુલ ૪૩૨ બાળકોના મોત થયા છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં બે વર્ષ દરમ્યાન ૨૭૦૨ બાળકોને ન્યુબોર્ન સીક કેર યુનિટમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં ૨૦૧૮માં ૧૩૫૦ અને ૨૦૧૯માં ૧૩૫૨ બાળકોને દાખલ કરવામાં આવ્યા હતા.

નાયબ મુખ્યમંત્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ૨૦૧૮માં ૯૦૯ બાળકો જે સિવિલ હોસ્પિટલમાં જન્મ લીધો હતો તેમને આ યુનિટમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે ૪૪૧ બાળકો તબદીલ થઈ આ યુનિટમાં દાખલ કરવામાં આવ્યા હતા.

૨૦૧૯માં ૧૦૧૬ બાળકો જે સિવિલ હોસ્પિટલમાં જન્મ લીધો હતો તેમને અહિ દાખલ કરાયા હતા જ્યારે ૩૩૬ બાળકો તબદીલ થઈને અહિ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. આમ ૧૯૨૫ બાળકો જેમનો જન્મ સિવિલ હોસ્પિટલમાં બે વર્ષ દરમ્યાન થયો હતો તેમને અને ૭૭૭ બાળકો અન્ય દવાખાનાઓમાંથી સઘન સારવાર માટે દાખલ કરાયા હતા તેમને દાખલ કરવામાં આવ્યા હતા. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ

● અનુસંધાન પાન-૭ પર



કચરામાંથી કંચન તો બનતા બનશે પરંતુ તેમાંથી ગાડુ ગબડે તેટલા પૈસા તો ચોકકસ મળી જાય છે તે આ નાના ભૂલકાંઓને જોઈ લાગી રહ્યું છે. ભણવાની ઉંમરના આ નાના બાળકોને પેટનો ખાડો પૂરવાની ચિંતા કરવી પડે તે ખૂબ જ ચિંતાજનક બાબત છે. વિકાસની વાતો વચ્ચે આપણા દેશનું બાળપણ આવી રીતે બરબાદ થઈ રહ્યું છે. પ્લાસ્ટીક અને કાચની બોટલોના ભંગારના પૈસા ભલે માત્ર મુઠ્ઠીભર જ હોય પરંતુ આ બાળકો માટે તો તે પણ ખૂબ જ કિંમતી છે. સવારથી ત્રણ પૈડાંવાળી સાઈકલ લઈ ભંગાર વીણવા નીકળી જતાં આ બાળકોને તેમનું બાળપણ માણવા મળે તો કેવું સારું....!

# આ વર્ષે ઉનાળાની ગરમી સહન નહીં કરી શકાય એવી હશે

**બે ડીગ્રી તાપમાન વધે તેવી સંભાવના : ૪૬થી ૪૮ ડિગ્રી રહેવાની સંભાવના**

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના હવામાનમાં પલટો આવ્યો છે. આક્રમક ઠંડી પછી હવે આક્રમક ગરમી માટે લોકોએ તૈયાર રહેવું પડશે, કારણ કે હવામાન વિભાગે આગાહી કરી છે કે આ વર્ષનો ઉનાળો સૌથી વધુ ગરમ રહે તેવી સંભાવના છે. અસહ્ય ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી શકે છે. આ વર્ષે ફેબ્રુઆરી મહિનાના મધ્યથી જ ગરમી પડવાની શરૂઆત થઈ ચૂકી છે.

સ્થાનિક હવામાન વિભાગની આગાહી છે કે ૨૦૧૯માં ગુજરાતમાં સૌથી વધુ ૪૫.૩ ડીગ્રી ગરમી નોંધાઈ હતી પરંતુ ૨૦૨૦ના આ ઉનાળામાં ગરમીનો પારો કોઈ જગ્યાએ ૪૮ તો સામાન્ય સ્થળોએ ૪૬ને પાર થાય તેવી સંભાવના છે. મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ ભારતના ઘણાં વિસ્તારોમાં માર્ચ અને એપ્રિલ મહિનામાં તાપમાન સામાન્ય કરતાં એક થી બે ડીગ્રી સેલ્સિયસ ઉંચું રહેવા સંભવ છે. રાજ્યમાં સામાન્ય રીતે ઉનાળામાં સુરેન્દ્રનગર જિલ્લો વધુ ગરમ હોય છે. ગયા વર્ષે પણ આ જિલ્લામાં વિક્રમી ૪૫.૩ ડીગ્રી ગરમી પડી હતી.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતમાં સરેરાશ તાપમાન વધારે રહેશે જે અગાઉના વર્ષોના વિક્રમ તોડશે. ગ્રીનહાઉસ ઉત્સર્જન સાથે સંકળાયેલું ગ્લોબલ વૉર્મિંગનું વલણ વધુ ગરમી માટે જવાબદાર બન્યું છે. હાલ તો હવામાનમાં અલનીનો જેવા આબોહવા મોટાપાયાના પરિબળો જણાતા નથી પરંતુ ઉનાળો સામાન્ય કરતાં વધુ ગરમ રહેશે.

હવામાન વિભાગના સ્ટડી પ્રમાણે માર્ચ મહિનામાં તાપમાનમાં અડધાથી એક ડીગ્રીનો વધારો થશે જે એપ્રિલ અને મે મહિના સુધીમાં બે ડીગ્રી વધુ જોવા મળશે. આ સ્ટડીમાં ભારતના ૧૦૩ સ્થળોની છેલ્લા ૫૦ વર્ષની ઉનાળાનું ઋતુની માહિતી એકત્ર કરવામાં આવી છે. ગુજરાતમાં સુરેન્દ્રનગર, ઇડર, ભૂજ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગાંધીનગર, બનાસકાંઠા જિલ્લા એવાં છે કે જ્યાં સૌથી વધુ ગરમી પડે છે. ગયા વર્ષે ઉનાળામાં રાજસ્થાનમાં ભારે ગરમી પડી હતી. રાજસ્થાનના ગંગાનગરમાં ૪૮.૬ ડીગ્રી, બિકાનેરમાં ૪૮.૧ ડીગ્રી તેમજ જેસલમેરમાં ૪૭.૮ ડીગ્રી ગરમી જોવા મળી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ ગરમીનો પારો ૪૫ ડીગ્રી સુધી પહોંચી ચૂક્યો હતો.

## કપોળ મરણ



અમારા માતુશ્રી
**મંજુલાબેન નટવરલાલ શાહ**
તા.૨/૩/૨૦૨૦ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૫/૩/૨૦૨૦ને ગુરૂવારના સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળઃ- બ્રહ્મસમાજ ભવન, સે-૧૬, રંગમંચની સામે, ગાંધીનગર. (મો.૯૯૭૪૩૩૯૭૨૬)**

**જોગીન નટવરલાલ શાહ - વિનય નટવરલાલ શાહ**
**(રાહુલ પાર્લર, સેક્ટર-૮)**

**પિયરપક્ષનુ બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.**

## બેસણું



**સત કૈવલ સાહેબ**


અમારી વ્હાલી **સ્વ. કવિતા (સોનુ) સુરેશભાઈ પટેલ (રંગપોરિયા)નું બેસણું તા. ૫/૩/૨૦૨૦, ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૦ કલાક** દરમિયાન રાખવામાં આવ્યું છે.

**સ્થળ : બી-૧/૮, શાલીન-૪ એપાર્ટમેન્ટ, વાવોલ, ગાંધીનગર**

**લિ. સુરેશભાઈ જયંતિભાઈ પટેલ**

**મો.નં. ૮૨૦૦૪૯૭૨૯૫ ● ફર્મ : સત કૈવલ પાર્લર, વાવોલ**

## બેસણું (પઘડી)



અમારા પૂજ્ય માતૃશ્રી **ગં.સ્વ. લીલા સુંદરદાસ ધીરમલાની**નું તા. ૧/૩/૨૦ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૪/૩/૨૦૨૦ને બુધવારના રોજ સાંજે ૪.૩૦ થી ૫.૩૦ વાગે સુધી તથા પઘડી સાંજે ૫.૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :** ઝુલેલાલ-સાંઈબાબા મંદિર, સેક્ટર-૩૦, ૨૧-૩૦ બસ સ્ટોપ પાછળ, ગાંધીનગર.
મો. ૯૯૨૫૨૧૨૩૬૫, ૯૮૨૫૭૪૫૦૯૧

**નિખીલ ધીરમલાની** (પૌત્ર)
**રિયા (ધીરમલાની) નસરપુરી** (પૌત્રી)
**મનિષ નસરપુરી** (જમાઈ)

**પ્રકાશ એસ. ધીરમલાની**
(ના. ઈજનેર, જીઈબી સોજા)
**જયા ધીરમલાની**
(પ્રિન્સીપાલ, વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ, સરગાસણ)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar
experience bathing
DR. FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com